# દેશમાં કોરોનાના વધુ નવા ૮૯,૭૦૬ કેસ

## ભારતમાં કોરોના મહામારીની વણથંભી કૂચ : ૨૪ કલાકમાં ૭૪૮૯૪ દર્દીઓ કોરોનાથી સ્વસ્થ્ય થતા આ આંકડો હવે વધીને ૩૩૯૮૮૪૪ સુધી પહોંચી ગયો

નવી દિલ્હી, તા. ૯

ભારતમાં કોરોના વાયરસના ચેપનો ફેલાવો હજુ પણ જારી છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના નવા ૮૯૭૦૬ કેસ નોંધાયા છે. આ સાથે જ સંક્રમિતોની કુલ સંખ્યા ૪૩૭૦૧૨૮ સુધી પહોંચી ગઈ છે. ૨૪ કલાક દરમિયાન દેશમાં ૧૧૧૫ લોકોએ કોરોનાને કારણે અંતિમ શ્વાસ ભર્યા છે. આ સાથે જ કોરોના સંક્રમણના કારણે મૃત્યુ પામનાર દર્દીઓનો આંકડો વધીને ૭૩૮૯૦ સુધી પહોંચી ગયો છે. જો કે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. જેને કારણે ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ પણ સુધર્યો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૭૪૮૯૪ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૩૩૯૮૮૪૪ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા ત્રણ ગણા કરતા પણ વધારે છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે બુધવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૮૯૭૩૯૪ એક્ટિવ કેસ છે.

દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૨૭૫૬૮૭૫૩ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૮૯૭૩૫૧ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૧૮૫૧૯૪૦૯ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૮૧૫૧૯૯૩ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર ભારત, ત્રીજા સ્થાન પર બ્રાઝીલ અને ચોથા સ્થાન પર રશિયા છે.

### કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૭૮૩૧૦૨૮ | ૯૦૩૪૨૯ | ૧૯૯૧૦૧૦૨ |
| ભારત | ૪૪૨૨૦૨૧ | ૭૪૪૮૪ | ૩૪૩૯૮૧૪ |
| ગુજરાત | ૧૦૮૨૯૫ | ૩૧૫૨ | ૮૮૯૧૫ |
| ગાંધીનગર | ૨૭૫૬ | ૧૫૦ | ૨૨૭૬ |

# રાજ્યમાં ૨૪ કલાકમાં વધુ નવા ૧૩૨૯ કેસ

## કોરોનાથી કુલ મૃત્યુઆંક ૩૧૫૨ પર પહોંચ્યો : એક્ટીવ કેસની કુલ સંખ્યા ૧૬૩૨૮ પર પહોંચી, જ્યારે ૯૪ વેન્ટીલેટર પર અને ૮૮૮૧૫ ડિસ્ચાર્જ

ગાંધીનગર,તા.૯

રાજ્યમાં સુરત, અમદાવાદ પછી હવે રાજકોટમાં પણ કોરોનાનો કહેર વધતો જાય છે. રાજ્યમાં આરોગ્ય વિભાગે ટેસ્ટિંગનું પ્રમાણ પણ વધાર્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કુલ ૭૫,૯૩૬ ટેસ્ટ કરવામાં આવ્યા હતાં. જ્યારે રાજ્યમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૧૬૩૨૮ થઈ છે તો કુલ ૮૮,૮૧૫ દર્દીઓ કોરોના સંક્રમણથી સ્વસ્થ થયાં છે. રાજ્યમાં ૨૪ કલાકમાં નવા ૧૩૨૯ કેસ નોંધાતા કોરોનાનો કુલ આંકડો પણ ૧૦૮૨૯૫એ પહોંચ્યો છે. ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના કુલ ૭૫,૯૩૬ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૩૦,૦૧,૩૮૩ થયો છે. રાજ્યમાં ૧૩૨૯ નવા દર્દીઓ સામે ૧૩૩૬ દર્દીઓ સ્વસ્થ થયા છે.

જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૮૮,૮૧૫ એ પહોંચ્યો છે. રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા દસ લાખની વસ્તી સામે પ્રતિ દિવસે ૧૧૬૮.૨૪ ટેસ્ટ થાય છે. રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૬,૨૩,૫૪૫ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં છે. જે પૈકી ૬,૨૩,૦૯૧ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીનમાં છે અને ૪૫૪ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યાં છે. આ ઉપરાંત રાજ્યમાં કુલ ૧૬૩૨૮ એક્ટિવ કેસ છે. જેમાંથી ૯૪ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૧૬૨૩૪ની સ્થિતિ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે. રાજ્યમાં કોરોના વાયરસના સંક્રમણના કારણે અમદાવાદ કોર્પોરેશનમાં ૪, મહીસાગર અને સુરત કોર્પોરેશનમાં ૧-૧, સુરતમાં ૩, વડોદરા અને વડોદરા કોર્પોરેશનમાં ૧-૧, રાજકોટ કોર્પોરેશન ૨, ગાંધીનગર અને ગાંધીનગર કોર્પોરેશનમાં ૧-૧ મોત એમ કુલ ૧૬ મોત નોંધાયા હતાં. જેથી હવે રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૩૧૫૨ થયો છે.

### ગ્રામીણ વિસ્તારોમાં કોવિડ જાગૃતિના સંદેશનો પ્રચાર-પ્રસાર કરી રહી છે કોવિડ વિજય રથની વણથંભી યાત્રા

અમદાવાદ, તા. ૯

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયના પ્રાદેશિક લોકસંપર્ક બ્યુરો, યુનિસેફ અને પ્રેસ ઈન્ફર્મેશન બ્યુરો દ્વારા ગુજરાતમાં કોવિડ વિજયરથ જનજાગૃતિ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાન હેઠળ જુનાગઢ, ભૂજ, અમદાવાદ, પાલનપુર અને સુરત એમ રાજ્યના પાંચ જુદા-જુદા ઝોનમાં કોવિડ વિજય રથમાં સવાર લોકકલાકારો નાટક, જાદુ, ભવાઈ વગેરે લોક કલાના માધ્યમ દ્વારા જાગૃતિ સંદેશ આપી રહ્યા છે.



'સાવચેતીને સંગ, જીતીશું જંગ' આ ટેગલાઈન સાથે ૪૪ દિવસ સુધી ચાલનાર આ અભિયાન અંતર્ગત આ રથે આજે ત્રીજા દિવસે સુરતના કામરેજ તાલુકાના વેલંજા ગ્રામપંચાયતથી સવારે ૧૦ વાગે પ્રસ્થાન કર્યા બાદ સાંજે ૪ વાગે નવી પારડી ખાતે રોકાણ કર્યું હતું. સમગ્ર દિવસ દરમિયાન રથ પર સવાર કલાકારોએ પોતાની લોકકલાના માધ્યમથી કોરોના જાગૃતિનો સંદેશ સ્થાનિકો સુધી પહોંચાડ્યો હતો.

કચ્છ જીલ્લાના ભુજમાં માધાપરથી શરુ કરી કચ્છ ઓર્થોપેડિક હોસ્પિટલ, સાઈબાબા મંદિર, કચ્છમિત્ર પાર્ક થઈને સાંજે દહિસર ગામે આ રથની યાત્રા પૂર્ણ થઇ હતી. દિવસ દરમિયાન કલાકારોએ નાટક ભજવીને કોવિડ-૧૯ જાગૃતિ અંગેનો સંદેશ લોકો સુધી પહોચાડ્યો હતો તેમજ સ્થાનિક લોકોમાં માસ્કનું વિતરણ કર્યું હતું.

અમદાવાદથી પ્રસ્થાન થયેલ કોવિડ વિજય રથે ગઈકાલે ખેડા મુકામે રોકાણ કર્યું હતું. આજે ખેડા નગર પાલિકાના પ્રમુખ સુશ્રી પ્રિયંકાબહેને લીલી ઝંડી બતાવી રથને પ્રસ્થાન કરાવ્યું હતું. ખેડા બસ સ્ટેન્ડથી ત્રીજા દિવસની યાત્રાનો પ્રારંભ કરી સાંજે વિઠલપુરા ગામે યાત્રા પૂર્ણ કરી હતી. દિવસ દરમિયાન કલાકારોએ નાટક ભજવીને નાના બાળકોને અને સ્થાનિક લોકોને સામાજિક અંતરનું મહત્વ સમજાવ્યું હતું.

પાલનપુરથી પ્રસ્થાન થયેલ કોવિડ વિજય રથને આજે વડગામથી તાલુકાના આરોગ્ય અધિકારી ડૉ. પી. જી. ચૌધરીએ રથને લીલી ઝંડી બતાવી હતી. આ રથ દિવસ દરમિયાન ગ્રામીણ વિસ્તારમાં ફરીને



ભવાઈ દ્વારા માસ્ક પહેરવાના લાભ અંગે લોકોને જાણકારી આપી જાગૃત કર્યા હતા.

જુનાગઢ જીલ્લાના વંથાલી ગ્રામ પંચાયતથી શરુ કરીને મુખ્ય બજારમાં ફરીને આ રથે વંથાલી બસ સ્ટોપ ખાતે રોકાણ કર્યું હતું. આ ૫ કોવિડ વિજય રથમાં સવાર કલાકારોએ કોવિડ-૧૯ જાગૃતિના સંદેશોની સાથે સ્થાનિક લોકોમાં માસ્ક અને આયુર્વેદિક દવાઓનું વિતરણ કર્યું હતું. કોવિડ-૧૯ની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સામાજિક અંતરનું તેમજ અન્ય તમામ નિયમોનું પાલન થાય તેનું ધ્યાન રાખીને આ રથ આજે રોકાણ કરેલ સ્થાનોથી જ આવતીકાલ સવારે પોતાની યાત્રાનો આરંભ કરશે અને દિવસ દરમિયાન કોવિડ-૧૯ જાગૃતિ અંગેનો સંદેશ લોકો સુધી પહોંચાડશે.

### રોકવામાં આવ્યું...

● અનુસંધાન પહેલાનું ચાલુ

તે નવી વાત નથી પરંતુ આનાથી જલ્દીથી કોરોના વાયરસની રસી રજૂ કરવાના વિશ્વવ્યાપી પ્રયત્નોને મોટો આંચકો મળ્યો છે. ઓક્સફર્ડ યુનિવર્સિટી અને એસ્ટ્રેજેનિકાનું આ રસી આ રેસમાં આગળ હતું. બ્રિટિશ આરોગ્ય પ્રધાન મેટ હેકક્રે ગયા અઠવાડિયે આશા વ્યક્ત કરી હતી કે રસી ૨૦૨૧ના પ્રારંભિક મહિનામાં આવી જશે. ભારત સહિત વિશ્વભરમાંથી આ રસી માટે મોટા ઓર્ડર આવવા લાગ્યા. કોરોના વાયરસથી વિશ્વભરમાં ૮,૯૪,૦૦૦ લોકો માર્યા ગયા છે અને લાખો લોકોને બેરોજગાર બનાવ્યા છે. એસ્ટ્રેજેનિકાના પ્રવક્તાએ તાજેતરના વિકાસ અંગે જણાવ્યું હતું કે આ સામાન્ય ક્રિયા છે અને હવે દર્દીની માંદગીના કારણો શોધી કાઢવામાં આવશે જેથી અજમાયશની અખંડિતતા જળવાઈ રહે. પ્રવક્તાએ કહ્યું કે, ટ્રાયલ દરમિયાન મોટા પાયે બીમાર થવાની સંભાવના છે, પરંતુ સ્વતંત્ર રીતે જાગ્રત તપાસ કરાવવી જરૂરી છે. અમે આખા કેસની ઝડપથી તપાસ કરી રહ્યા છીએ જેથી તે સુનાવણીની અંતિમ તારીખને અસર ન કરે.

ઓક્સફર્ડ રસી અજમાયશના બીજા તબક્કા દરમિયાન, સ્વયંસેવકો વાયરસ સામે પ્રતિરક્ષા વિકસિત હોવાનું જાણવા મળ્યું છે. કોરોના વાયરસની વિરુદ્ધ ચાલી રહેલી લડાઈને એક મોટો આંચકો લાગ્યો છે. એસ્ટ્રાજેનેકા અને ઓક્સફોર્ડ યુનિવર્સિટીની વેક્સીનના ટ્રાયલને માનવ પરીક્ષણમાં એક વ્યક્તિના બીમાર પડ્યા બાદ રોકી દેવામાં આવ્યું છે. એસ્ટ્રાજેનેકાએ એક નિવેદન જાહેર કરીને કહ્યું છે કે આ એક રૂટીન બ્રેક છે કારણ કે પરીક્ષણમાં સામેલ વ્યક્તિની બીમારી વિશે હજુ સુધી કંઈ સમજમાં નથી આવી રહ્યું. આ વેક્સીનનું નામ એઝેડડી૧૨૨૨ રાખવાનમાં આવ્યું હતું. ડબલ્યુએચઓ મુજબ દુનિયાના અન્ય વેક્સીન ટ્રાયલની તુલનામાં આ સૌથી આગળ ચાલી રહ્યું હતું. નોંધનીય છે કે, ભારત સહિત અનેક દેશોની નજર ઓક્સફર્ડ યુનિવર્સિટીની વેક્સીન પર ટકેલી છે. હાલ દુનિયાભરમાં લગભગ એકડ ડઝન સ્થળે કોરોના વેક્સીનના ટ્રાયલ ચાલી રહ્યું છે પરંતુ એક્સપર્ટ્સનું માનીએ તો ઓક્સફર્ડ યુનિવર્સિટીનું ટ્રાયલ સૌથી આગળ છે. અહીં ત્રીજા ચરણના ટ્રાયલ થઈ રહ્યું છે અને ખૂબ આશા છે કે બજારમાં સૌથી પહેલા આવનારી વેક્સીનમાં ઓક્સફર્ડ યુનિવર્સિટી જ હશે. એએફપીના અહેવાલ મુજબ, સમગ્ર દુનિયામાં ચાલી રહેલા ટ્રાયલને હાલ રોકી દેવામાં આવ્યા છે અને હવે એક સ્વતંત્ર તપાસ બાદ જ તેને ફરીથી શરુ કરી શકાશે. વેક્સીનના ત્રીજા ચરણના ટ્રાયલમાં હજારો લોકો સામેલ થાય છે અને તેમાં અનેકવાર અનેક વર્ષ લાગે છે. કોરોના વેક્સીનના ત્રીજા ચરણના ટ્રાયલમાં લગભગ ૩૦ હજાર લોકો સામેલ છે. ઓક્સફર્ડ યુનિવર્સિટીના પ્રવક્તાએ કહ્યું કે, મોટા ટ્રાયલમાં બીમાર પડવાની પૂરી આશંકા છે પરંતુ તેને ધ્યાનપૂર્વક ચેક કરવા માટે તેની સ્વતંત્ર તપાસ ખૂબ જરૂરી છે. નોંધનીય છે કે આ બીજી વાર થયું છે જ્યારે ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં કોરોના વેક્સીન ટ્રાયલને રોકવામાં આવ્યું છે.

### ચિલોડા ખાતે પેસેન્જર બેસાડવા મુદ્દે ઈકો ચાલકને માર મરાયો

મોટા ચિલોડા થી સાદરા જતા માર્ગ પર મુસાફરને ઈકોમાં બેસાડવા અંગે ઈકો ચાલકને લાકડીથી ફટકાર્યો હતો. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી. સાદરા ગામે રહેતા યુવક જહાંગીરમીંયા હુસેનમીંયા શેખ મંગળવારે રાત્રીના સમયે ૮ વાગે તે ચિલોડા થી સાદરા માર્ગ પર ઉભો હતો. ત્યારે ડભોડાનો નઘાજી પ્રતાપજી વાઘેલા, શિહોલીનો પંકજ તેમજ તેનો મિત્ર અને એક શાકભાજીવાળો મળીને ચાર શખ્સો આવ્યા હતા. જેમાં નઘાજી અને પંકજના હાથમાં લાકડી હતી અને ચિલોડાથી મુસાફર નહી લેવાના કહીને લાકડીઓ વડે અને ગડદાપાટુનો માર માર્યો હતો. માથાકુટને પગલે હોહા થતા સ્થાનિક નાગરીકો દોડી આવ્યા હતા અને ફરીયાદીને વધુ મારમાંથી બચાવી લીધો હતો.

### ધાનેરા તાલુકા પંચાયત પ્રમુખ-ઉપપ્રમુખની બીજા ટર્મની ચૂંટણી યોજાઈ

બનાસકાંઠા જિલ્લાની ધાનેરા તા. પંચાયતમાં પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ જેમાં કોરોના નિયમોનો ધજાગરા ઉડતા જોવા મળ્યા હતા. સામાન્ય મીટીંગ હોલમાં ૬૦ કરતાં વધુ લોકો ભરાયા માસ્ક અને સેનીટાઇઝર પણ અભાવ જોવા મળ્યો. કોરોના વાયરસને લઈને તંત્ર દ્વારા કેટલાક નીતિ નિયમો બનાવવામાં આવ્યા છે જેમાં ફરજિયાત માસ્ક સોશિયલ ડિસ્ટન્સ જેવા અનેક નિયમોનું પાલન કરવાનું હોય છે પરંતુ જાણે આ નિયમો આમ જનતા માટે જ લાગુ પડતા હોય તેવું જણાઈ રહ્યું છે અને જ્યારે વાત આવે સત્તાધારી ભાજપ પક્ષની તો ભાજપ પક્ષના લોકોને તો જાણે કોઈ ભાન જ ન હોય તેવી રીતે કોરોનાના નિયમના ધજાગરા ઉડાવી રહ્યા છે. અધ્યક્ષ સી.આર.પાટીલ સાહેબ પણ વિવિધ રેલીઓ તેમજ રોડ શો કરી સોશિયલ ડિસ્ટન્સ અને કોરોનાના નિયમોના ધજાગરા ઉડાડ્યા હતા તે બાદ આજે ધાનેરા તાલુકા પંચાયતમાં પણ પ્રમુખ ઉપપ્રમુખની બીજા ટર્મની ચૂંટણી યોજાઈ હતી. ચૂંટણીમાં સોશિયલ ડિસટન્સના ધજાગરા ઉડતા જોવા મળ્યા હતા. માસ્ક સેનિટાઈઝર તેમજ ટેમ્પરેચર ઘનની વ્યવસ્થા તો કરવામાં આવી હતી પરંતુ લોકો આમને આમ જ મીટીંગ હોલમાં જતા નજરે પડ્યા હતા. માસ્ક સેનિટાઈઝર તેમજ ટેમ્પરેચર ઘન શોભાના ગાંઠિયા સમાન લાગી રહી હતી કે બાદ મીટીંગ હોલમાં પણ કેટલાક અધિકારીઓ સહિત કેટલાક સદસ્યો પણ માસ્ક વગર કેમેરામાં કેદ થયા હતા. બીજા ટર્મની ચૂંટણીમાં ભાજપના પ્રમુખ અને ઉપપ્રમુખનો વિજય થતા સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડાડતા જોવા મળ્યા હતા.

### ૯૫૦ની નજીક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. રાયસણ ખાતે બાંધકામનો વ્યવસાય કરતા અને સે. ૨૨માં રહેતા એક ૨૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

પોલીસતંત્રમાં સિનીયર ક્લાર્ક તરીકે ફરજો બજાવતા અને સે. ૨૩ માં રહેતા ૫૦ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ કર્મયોગીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૫ માંથી આજે ૪ કેસ નોંધાયા છે. એક જ સેક્ટરમાંથી છેલ્લા મહિનામાં આ સૌથી વધારે કેસ નોંધાયા છે. જેણે તંત્રની ચિંતા વધારી છે. બેંક ઓફ ઈન્ડિયામાં ગિફ્ટીસીટી ખાતે તાલીમાર્થી તરીકે સેવાઓ આપતા એક ૨૨ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૫ માંથી જ એક ૬૭ વર્ષીય નિવૃત્તનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આશ્રમમાં શિક્ષિકા તરીકે ફરજો બજાવતી ૪૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. એસ.આર.પી.માં ડી.વાય.એસ.પી. તરીકે ફરજો બજાવતા અને સે. ૫ માં રહેતા અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૫ ના ચારેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

સે. ૩ માંથી પણ આજે બે કેસ મળ્યા છે. એક ૫૯ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે સે. ૧૧માં ફરજો બજાવતા અને સે. ૩ માં રહેતા ૪૫ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ અધિકારીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સેક્ટર-૧ માં રહેતા ૭૮ વર્ષીય નિવૃત્તનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરાયા છે.

આજે વધુ ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. અત્યાર સુધીમાં ૭૫૫ દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. હાલ ૭૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. શહેરમાં ૧૭૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ હોવાનું સૂત્રોએ જણાવ્યુ છે.

### તારીખ જાહેર કરો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે તાત્કાલિક નવી તારીખ જાહેર કરવામાં આવે નહિ તો ૧૧મીથી ઉપવાસ આંદોલનની મંજૂરી આપવામાં આવે તેવી સ્પષ્ટ માંગ કલેક્ટરને કરી છે. કલેક્ટરે પણ આ અંગે રિપોર્ટ મંગાવી શક્ય તેટલી વહેલી ચૂંટણી જાહેર થશે તેવી હૈયાધારણ આપી છે.

### "તું અભણ અને ગમાર છે અને પાછી કરિયાવર પણ લાવી નથી, ડૂબી મર"

#### તાજેતરમાં પારિવારિક ત્રાસથી આત્મહત્યા કરવાથી પ્રેરાયેલી મહિલાને ૧૮૧ અભયમ ટીમે બચાવી લીધી

ગાંધીનગર તા. ૦૯

આંતરરાષ્ટ્રીય સ્તરે તા. ૧૦મી સપ્ટેમ્બરને "વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. ગુજરાત પોલીસની સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા ચલાવાઇ રહેલી જીવન આસ્થા હેલ્પલાઇન દ્વારા આત્મહત્યા કરવા પ્રેરાયેલ જીવનથી નિરાશ નાગરિકોને અત્યંત નાજુક ક્ષણે સંભાળ સાથેના પ્રયાસ થકી આત્મહત્યા કરવામાથી ઉગારીને ફરતી જીવનના પંથે વાળવામાં આવ્યા છે. જીવન આસ્થા હેલ્પલાઇન ૫ વર્ષ પુરા કરી ચૂકી છે. જીવન આસ્થા હેલ્પલાઇનની જેમ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન દ્વારા પણ અનેક મહિલાઓને જીવનમાં વિવિધ તબક્કે સામાજિક, આર્થિક, પારિવારિક, માનસિક, શારીરિક કે અન્ય તકલીફો દરમ્યાન જીવનથી નિરાશ થઈને આત્મહત્યા કરવા પ્રેરાઈ હોય ત્યારે અણીના સમયે યોગ્ય કાઉન્સેલિંગ અને કાનૂની સુરક્ષા દ્વારા બચાવી લેવાઈ છે.

**આજે આત્મહત્યા નિવારણ દિવસ**

તાજેતરમાં જ એક એવો કિસ્સો ગાંધીનગર જિલ્લાની જાસપુર કેનાલ પાસે બન્યો હતો જેમાં એક ૧૫ વર્ષનું લગ્ન જીવન પાર કરી ચૂકેલી પરિણીત મહિલાને ઓછું ભણેલી હોવા માટે તેમજ પિયરથી કરિયાવર ઓછો લાવી હોવાના કારણોસર તેના સાસુ-સસરા દ્વારા "તું અભણ છે, ગમાર છે અને પાછી કરિયાવર પણ લાવી નથી, ડૂબી મર" તેવું કહી માનસિક ત્રાસ આપવામાં આવતો હતો જેનાથી કંટાળીને તે મહિલા પોતાનું જીવન ટૂંકાવવા કેનાલે પહોચી હતી. જો કે આ મહિલાને તેમ નહીં કરવા સમજાવતો તેનો પતિ પણ તેની પાછળ કેનાલ સુધી પહોચી ગયો હતો પરંતુ એક તબક્કે પતિને લાગ્યું કે પોતાની પત્નીને સમજાવવાના તેના પ્રયાસો નિષ્ફળ જઈ રહ્યા છે ત્યારે પતિએ ૧૮૧ અભયમ હેલ્પલાઇનનું શરણું લીધું હતું અને ગણતરીના સમયમાં અભયમની ટીમ ત્યાં પહોચી ગયી હતી જેને મહિલાને સમજાવીને તેને હીમત આપતું કાઉન્સેલિંગ કરી આત્મહત્યા કરવાથી રોકી લીધી હતી. આ સાથે અભયમની ટીમ દ્વારા મહિલાના પતિને પણ આત્મહત્યા માટે પ્રેરાય તેવો મહિલાને સાસરિયામાં આપવામાં આવતા ત્રાસ સામે કાયદાકીય જોગવાઇઓ જણાવી ફરી તેવી સ્થિતિ પેદા ના થાય તે માટે ચેતવવામાં આવ્યા હતા. આશ્ચર્યની વાત તો એ છે કે મહિલાના પતિ અને સાસુ બંને શિક્ષક છે છતાં પોતાના ઘરની વહુ સાથે આવો વ્યવહાર કરવામાં આવતો હતો. આ પછી મહિલાએ પોતાના પિયર કે સાસરે બંનેમાથી એક પણ સ્થળે તે જવા રાજી ના હોવાનું જણાવતા તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસ ખાતે વિકસવાયેલ "સખી" વન સ્ટોપ સેન્ટર ખાતે સંરક્ષણ આપવામાં આવ્યું હતું. એક મહિલાને આત્મહત્યા કરી પોતાના મહામૂલા જીવનનો અંત આણતા અટકાવવાનું સફળ કામ જે ૧૮૧ અભયમની ટીમે સફળ રીતે પાર પાડ્યું હતું તેમાં કાઉન્સેલર વિલાસબેન ઝાલા, કોન્સટેબલ રેખાબેન સોલંકી અને વાનના પાયલોટ ફતેસિંહ દરબારના પ્રયાસો પ્રસંશનીય છે.

### મુલત્વી રહી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્રએ આજે આ સામાન્ય સભાને લઈ જડબેસલાક વ્યવસ્થા અને પોલીસ બંદોબસ્ત લગાવ્યો હતો. નવ સભ્યોને પણ સભાખંડ સુધી પ્રવેશવા દેવામાં આવ્યા હતા આથી પોલીસ સાથે પણ વારંવાર સાબ્દીક ટપાટપીના દ્દશ્યો સર્જાયા હતા. ગાંધીનગર તાલુકા પંચાયતમાં આવી તોફાની સામાન્ય સભા પહેલીવાર બની હતી. સભ્યો દ્વારા ખુરશી ફેંકવાની અને માઈકો તોડવાની ઘટનાની વાતોએ સૌ કોઈને હચમચાવી દીધા હતા.

### ૨૦ કેસ નોંધાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વર્ષીય યુવાન અને ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણ જે કોરોના માટે હોટસ્પોટ બની ચુક્યુ છે ત્યાંથી પણ આજે વધુ ૩ કેસ મળી આવ્યા છે. સરગાસણમાંથી ૩૨ વર્ષીય યુવક, ૬૪ વર્ષીય પુરૂષ અને ૪૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઉવારસદ ગામેથી પણ આજે વધુ બે કેસ મળ્યા છે. જેમાં ૬૧ વર્ષીય પુરૂષ અને ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલ તાલુકામાંથી આજે ૩ કેસ મળ્યા છે. જેમાં બે કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને એક કેસ અર્બન વિસ્તારમાંથી મળ્યો છે. તાલુકા વાસણા ગામેથી ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ધમાસણા ગામેથી એક ૫૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અર્બન-૨ વિસ્તારમાંથી ૪૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. દહેગામ તાલુકામાંથી આજે બે કેસ મળ્યા છે. બન્ને કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યા છે. દહેગામ તાલુકાના કનીપુર ગામેથી ૨૨ વર્ષીય યુવાનનો અને લવાડ ગામેથી ૮૫ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જિલ્લાતંત્રના જણાવ્યા પ્રમાણે આજે ૨૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામીણ વિસ્તારમાં નોંધાયેલા કેસો પૈકી ૧૫૧૪ દર્દીઓ કોરના મુક્ત થયા છે. જિલ્લામાં હાલ ૧૬૮ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૯,૯૨૦ લોકોને ક્વોરોન્ટાઈન હઠળ રાખવામાં આવ્યા છે.

### આજે નિર્ણય

● અનુસંધાન પહેલાનું ચાલુ

યથાસ્થિતિ બદલવાના નવા પ્રયાસો પર આકરી આપત્તિ વ્યક્ત કરી અને મંત્રણાના માધ્યમથી ગતિરોધના સમાધાન પર ભાર મૂક્યો. એક સૂત્રએ કહ્યું કે, બે રક્ષા મંત્રીઓની વચ્ચે વાતચીતનું કેન્દ્ર લાંબા સમયથી ચાલતા આવતા સરહદ ઘર્ષણના ઉકેલની પદ્ધતિઓ પર હતું.

પૂર્વ લદાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર આ વર્ષે મે મહિનાથી ગતિરોધ ચાલુ છે. જૂનમાં ૨૦ ભારતીય સૈનિકોની શહાદત બાદ ડિ-એક્સેલેશનની પ્રક્રિયા શરુ થઈ હતી. જોકે થોડા દિવસથી તે પણ અટકેલી છે. બીજી તરફ વિભિન્ન ડિપ્લોમેટિક અને સૈન્ય ચેનલોથી ભારત-ચીનની વચ્ચે વાતચીત ચાલી રહી છે.

### ઘમંડ તૂટી જશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

એણે લખ્યું મારી ઑફિસમાં બાબર આવ્યા હતા. આ મંદિર ફરી બનશે, જય શ્રી રામ... રણૌતે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને લલકાર કર્યો છે. મુંબઈ સ્થિત કંગનાની ઓફિસ પર મ્ઝની કાર્યવાહી પર અભિનેત્રીએ ટ્વીટર પર એક વીડિયો શેર કર્યો હતો. અભિનેત્રીએ વીડિયોમાં કહ્યું કે, ઉદ્ધવ ઠાકરે તને શું લાગે છે? કે તે ફિલ્મ માફિયાઓ સાથે મળીને મારું ઘર તોડી મારી સાથે બદલો લીધો છે? આજે મારું ઘર તૂટ્યું છે, કાલે તારો ઘમંડ તુટશે. આ સમયનું ચક્ર છે, યાદ રાખજે, હંમેશા એક જેવું નથી રહેતું.